

## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

## ગાંધીનગરમાં બાળરોગ નિષ્ણાંતની ૧૧ પૈકી ૫ જગ્યા હજુ ખાલી

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર જિલ્લામાં સરકારી હોસ્પિટલો,સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં બાળરોગ નિષ્ણાંત ડોકટરોની કેટલી જગ્યા મંજુર થયેલી છે. માણસાના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે નાયબ મુખ્યમંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાંવ્યા મુજબ ૨ હોસ્પિટલોમાં બાળરોગ નિષ્ણાંતની કુલ ૧૧ જગ્યા મંજુર કરવામાં આવી છે. જયારે સામુહિક અને અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે બાળરોગ નિષ્ણાંતની એકપણ જગ્યા મંજુર થઈ નથી. જયારે ગાંધીનગરની હોસ્પિટલોમાં આ પૈકી ૬ જગ્યા ભરેલી છે અને ૫ જગ્યા ખાલી છે. જયારે ખાલી જગ્યા ભરવા માટે શુ પગલા લેવાયા તેવા પેટા પ્રશ્નના જવાબમાં જણાંવાયુ હતુ કે બાળરોગ નિષ્ણાંત વર્ગ -૧ ની કુલ ૧૩૧ખાલી જગ્યા ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગને માંગણીપત્રક મોકલી આપવામાં આવ્યુ છે. જે અન્વયે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી આ જગ્યાઓ ભરી શકાશે. જયારે બાળરોગ નિષ્ણાંતની જગ્યા ભરવા માટે દર સોમવારે વાક ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે. ઉમેદવાર ઉપલબ્ધ થાય એટલે જગ્યા ભરી દેવાશે

- **નર્મદા નહેરનુ કામ ૧૨૪૧૯ હેકટરમાં પુર્ણ**

ગાંધીનગર જિલ્લા નર્મદા યોજનામાં કુલ કેટલા હેકટર વિસ્તારનો સમાવેશથાય છે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્ન સંદર્ભે નાયબ મુખ્યમંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાંવ્યા મુજબ જિલ્લાનો કુલ ૧૨૬૬૬ હેકટર વિસ્તારનો સમાવેશ થાય છે. જયારે આ પૈકી કેટલા વિસ્તારમાં નહેરોનુ કામ પુર્ણ થયુ છે તેવા પેટા પ્રશ્નના જવાબમાં તેમણે જણાંવ્યુ હતુ કે આ તમામ ૧૨૬૬૬ હેકટરમાં પ્રશાખા સુધી અને કુલ ૧૨૪૧૯ હેકટર વિસ્તારમાં પપ્રશાખા સુધી નહેરોનુ કામ પુર્ણ થયુ છે.

- **વિજબીલમાં એકવાર માફી યોજના અન્વયે ૬૫૯૭ને લાભ અપાયો**

રાજય સરકાર દ્વારા ઘરવપરાશ ,ધંધાકીય તેમજ ખેતીવાડી હેતુના વિજ જોડાણોની લેણી નિકળતી રકમ ભરપાઈ કરવા માટે એક વખતની સંપુર્ણ માફી યોજના જાહેર કરેલ છે તે હકીકત સાચી છે રાપરના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે ઉર્જા મંત્રીએ આપેલા જવાબ મુજબ આ યોજના વર્ષ ૨૦૧૭ માં જાહેર કરવામાં આવી હતી. જયારે આ ઠરાવથી એક વખતની માફી યોજના ૨૦૧૭ મુજબ સુધારેલ હતી. જેને તા ૩૧ મે વર્ષ ૨૦૧૯ સુધી વધુમાં વધુ ગ્રાહકો લાભ લે તેવા આશયથી લંબાવામાં આવી હતી. જયારે ગાંધીનગર જિલ્લામાં ૬૫૯૭ વ્યકિત , એકમો તેમજ ખેડુતોએ તેનો લાભ લીધો છે. જયારે આ યોજના અન્વયે ૨૮૩.૨૪ લાખ રકમની વિજબીલમાં માફી આપવામાં આવી છે. જયારે પડતર દરખાસ્તોવાળા કીસ્સાઓનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

- **તમાકુ ટાસ્ક દ્વારા જિલ્લામાં ૧૯૫ દરોડા કસુવાર સામે કાર્યવાહી કરાઇ**

તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ દ્વારા કેટલા દરોડા ઈન્સ્પેકશન

● અનુસંધાન પાન-૭ પર

# રાજયમાં કોરોનાના બે કેસ પોઝીટીવ

### રાજકોટ અને સુરતમાં એક-એક કેસ પોઝિટિવ : આરોગ્ય મંત્રીની જાહેરાતથી ભારે ખળભળાટ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતમાં પણ કોરોના વાયરસનો પગપેસારો થઈ ગયો છે. છેલ્લા ઘણા સમયથી પોઝિટિવ કેસથી દૂર રહ્યા બાદ આખરે ગુજરાતમાં પણ બે કેસો નોંધાઈ ગયા છે. ગુજરાતમાં કોરોનાના બે પોઝિટિવ કેસો સપાટી ઉપર આવતા ખળભળાટ મચી ગયો છે. બે પોઝિટિવ કેસ પૈકી એક સુરતમાં અને એક રાજકોટમાં આવ્યો છે. બંનેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે ટ્વિટ કરીને કહ્યું છે કે, રાજકોટ અને સુરતના બે શંકાસ્પદ કેસ પોઝિટિવ આવ્યા છે. ટીમ જરૂરી પગલા લઈ રહી છે. રાજ્યના આરોગ્ય સચિવ જયંતિ રવિએ આજે આ અંગેની સત્તાવાર જાહેરાત કરી છે. બંને દર્દીઓની હાલત સ્થિર છે. રાજકોટનો યુવક મક્કામદીનાથી આવ્યો હતો જ્યારે રાજ્યના આરોગ્યમંત્રી નીતીન પટેલે જાહેરાત કરી છે કે, રાજકોટના મેયરે પણ અહેવાલને સમર્થન આપ્યું છે. શહેરના જંગલેશ્વર વિસ્તારમાં રહેતા અને મક્કાથી આવેલા યુવાનના સેમ્પલ જામનગર લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા પરંતુ ત્યાનો રિપોર્ટ વધુ શંકાસ્પદ આવતા સેમ્પલ પુણેની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. પોઝિટિવ કેસ માનીને તંત્રએ પહેલાથી જ યુવાનના પરિવારજનો અને અંગત લોકોને મળીને કુલ ૧૭ લોકોને પથિકાઆશ્રમ ખાતે ખસેડ્યા હતા. નાયબ આરોગ્ય અધિકારી પીપી રાઠોડે કહ્યું હતું કે, વધુ ચાર શંકાસ્પદ કેસ આજે નોંધાયા છે. લોહીના નમૂના જામનગર પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. જંગલેશ્વર આરોગ્ય વિભાગની ૪૦ ટીમોએ ૧૮૦૦૦થી વધુ ઘરોમાં સર્વે કામગીરી હાથ ધરી છે. મક્કા પહોંચેલો યુવાન ચાર દિવસ પહેલા જ રાજકોટ પહોંચ્યો છે.



કોરોનાનો ભય ચારેકોર ફેલાયો છે. દરરોજ નવા નવા કેસો આવતા રીતસર ફફડાટ ફેલાયો છે. લોકો બહાર જવાનું ટાળી રહ્યા છે અને એકબીજાને મળવાનું ઓછું કરી રહ્યા છે. કોરોનાની ઈફેકટથી શહેરના માર્ગો સુમસામ બન્યા છે. માત્ર તાત્કાલિક કામ હોય તો જ લોકો ઘરની બહાર નીકળે છે. જેની આ સુમસામ પડેલા માર્ગો ગવાહી આપી રહ્યા છે.

## આજે ગાંધીનગર જિલ્લા પંચાયતની બજેટ બેઠક ખુલ્લામાં મળશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે બપોરે બે વાગે મળનારી સામાન્ય સભા પંચાયતોની ચૂંટણી પહેલાની આખરી સામાન્ય સભા બનશે. જોકે આજની આ બેઠક જિલ્લા પંચાયતના પાર્કીંગ પ્લોટમાં મળનાર હોવાનું જાણવા મળ્યું છે.

જિલ્લા પંચાયત પ્રમુખ મંગુબેન શ. પટેલના અધ્યક્ષ સ્થાને મળનારી આ બેઠકમાં મહિલા, શિક્ષણ વિભાગને લગતી મહત્વની જાહેરાતો બજેટ દરમિયાન રજૂ કરાવમાં આવે તેવી શક્યતાઓ છે.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પંચાયતના સદસ્યો માટેની વિસ્તાર વિકાસ ગ્રાન્ટ માટે પણ નવી ગાઈડલાઈન આજની બેઠકમાં જાહેર કરાય તેવા નિર્દેશ મળી રહ્યા છે.

આમ તો પુરાંત ધરાવતું બજેટ પ્રમુખશ્રી દ્વારા રજૂ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

આ બેઠકને લઈ તંત્ર દ્વારા પણ તૈયારીઓ કરવામાં આવી છે. ખાસ કરીને શરદી - ખાંસી ધરાવતા હોલોને જવા દેવામાં આવશે નહિ. આ ઉપરાંત સેનીટાઈઝર પણ વાપરવામાં આવશે. ગઈકાલે જિલ્લાલ વિકાસ અધિકારીશ્રી દ્વારા આ અંગે ખાસ સૂચનાઓ પણ જારી કરવામાં આવી છે જે ઉલ્લેખનીય છે.

## જિલ્લા આરોગ્ય તંત્રએ તાત્કાલિક ૧૦ હજાર માસ્કની ખરીદી કરી

ગાંધીનગર, તા.૧૯

કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને રાખી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા વધુ ૧૦ હજાર માસ્કની ખરીદી કરી છે. જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર જિલ્લામાં ત્રિપલ લેયર ૧૧,૩૪૦ માસ્કને એન-૯૫- માસ્કનો જથ્થો ૧૭૨૯ નંગ તેમજ પી.પી.ઈ. કીટ ૭૧૦ ઉપલબ્ધ છે. જિલ્લામાં આજે જાહેરમાં થુંકીને ગંદકી કરનારાઓ પાસેથી વધુ રૂ. ૧૨ હજારનો દંડ વસુલ્યો છે. તંત્રએ જણાવ્યું છે કે, જિલ્લામાં આજ સુધીમાં ૧૮૯ પેસેન્જર આવેલ છે. જેમાંથી ૮૬ પેસેન્જર હોમ કોરોન્ટાઈલમાં છે. તેમની આરોગ્યના અધિકારીઓ રોજેરોજ મુલાકાત લઈ રહ્યા છે.

# સરિતા ઉદ્યાન, બાલોદ્યાન અને સે.૧નું ગાર્ડન બંધ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સરિતા ઉદ્યાન, સેક્ટર-૨૯નું બાલોદ્યાન તેમજ સેક્ટર-૧નું ગાર્ડન ૩૧મી માર્ચ સુધી બંધ રહેશે. આ ઉપરાંત શહેરના વિવિધ સેક્ટરોમાં આવેલા રંગમંચોનું બુકીંગ પણ ૩૧મી માર્ચ સુધીના રદ કરવામાં આવ્યા છે.

મનપાના નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા આજે આ આદેશો જારી કરવામાં આવ્યા છે.

ગુજરાત રાજ્યમાં આ રોગને સંક્રમિત થતો નિવારાત્મક પગલાં લેવાની સરકારની સૂચનાઓને ધ્યાને રાખી આ મહત્વનો નિર્ણય લેવામાં આવેલ છે.

કોરોના વાયરસ નો ચેપ સામાન્ય રીતે ડ્રોપલેટ ઈન્ફેક્શન એટલે કે સંક્રમિત વ્યક્તિના કે વસ્તુના સંપર્કમાં આવવાથી લાગતો હોય છે. આ અતિગંભીર રોગને લઈ રાજ્યના આરોગ્ય તંત્ર તેમજ ભારત સરકારની સૂચનાને પગલે આ નિર્ણય લેવામાં આવેલ છે. દરમિયાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ઉભા કરાયેલ આઈસોલેશન વૉર્ડમાં હાલ ૪ શંકાસ્પદ દર્દીઓ છે. જોકે મળતી વિગતો પ્રમાણે બધાના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે.

## રાજયસભાની ચૂંટણીમાં બીટીપી કિંગ મેકરની ભૂમિકામાં રહી શકે

ગાંધીનગર,તા. ૧૯

રાજયસભાની ચૂંટણીને લઈને જોરદાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે નવી નવી બાબતો પણ સપાટી ઉપર આવી રહી છે. રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ માટે બીટીપીના બંને મત બહુ મહત્વના અને નિર્ણાયક સાબિત થવાના છે તો, એનસીપીનો મત પણ બંને પક્ષ માટે બહુ કિંમતી બનવાનો છે ત્યારે આજે વિધાનસભા ગૃહમાં ચાલી રહેલી પ્રશ્નોત્તરી દરમિયાન બીટીપીના ધારાસભ્ય મહેશ વસાવા થોડો સમય માટે ગૃહમાં હાજરી આપીને બહાર નીકળતાં જ ભાજપ અને કોંગ્રેસના આગેવાનોમાં દોડધામ મચી ગઈ હતી. આ બધાની વચ્ચે મહેશ વસાવાએ નીતિન પટેલ સાથે પણ રાજ્યસભાની ચૂંટણી અંગે મહત્વની બેઠક કરી હતી. બીટીપીના ધારાસભ્ય મહેશ વસાવાની નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સાથે સૂચક મુલાકાતને લઈ ભારે ચર્ચા ચાલી હતી. આજે ગુજરાત વિધાનસભામાં ચાલુ પ્રશ્નોત્તરી દરમિયાન જ ધારાસભ્ય મહેશ વસાવા ગૃહની બહાર નીકળ્યા હતા. આ ઘટનાક્રમ વચ્ચે મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ પ્રશ્નોત્તરીકાળ છોડીને બહાર નીકળ્યા હતા. તો બીજી તરફ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, રાજ્યસભાના ઉમેદવાર શક્તિસિંહ ગોહિલ, શૈલેષ પરમાર પણ ગૃહમાંથી બહાર નીકળતા અનેક અટકળો અને ચર્ચાએ જોર પકડયુહ હતું. મહેશ વસાવા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને મળવા પહોંચ્યા હતા. તેમની સાથે ભાજપના મહામંત્રી ભરતસિંહ પરમાર પણ હાજર રહ્યાં હતા. દરમ્યાન મહેશ વસાવાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ અને ભાજપ બન્ને અમારી માટે સરખા છે.

## જુના-નવા સચિવાલયમાં જાહેરમાં થુંકતા ૧૫ પાસેથી દંડ વસુલાયો

### સચિવાલયમાં જાહેરમાં થુંકવા બદલ કર્મચારીઓને અને મુલાકાતીઓને રંગેહાથ ઝડપી રૂ ૭૫૦૦ નો દંડ વસુલવામાં આવ્યો

ગાંધીનગર તા ૧૯

કોરોનાએ દેશ દુનિયામાં હાહાકાર મચાવ્યો છે. કોરોનાથી બચવા માટે માસ્ક પહેરવા સહીત હાથ ન મિલાવવા સહીતની તકેદારી રાખવા વિવિધ સુચનાનો અમલ કરવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે. જયારે જાહેરમાં થુંકવાના મામલે પણ પ્રતિબંધ મુકાયો છે.ત્યારે જુના અને નવા સચિવાલયમાં જાહેરમાં થુંકવા બદલ૧૫ કિસ્સામાં કર્મચારીઓ અને મુલાકાતીઓ પાસેથી ચાર દિવસમાં રૂ ૭૫૦૦ નો દંડ વસુવામાં આવ્યો છે.

કોરનાએ દેશ દુનિયામાં હાહાકાર મચાવ્યો છે. જયારે કોરાનો ઈફેકટથી બચવા માટે સ્વચ્છતા જાળવવા ઉપરાંત વારંવાર હાથ ધોવા અને તાવ શરદીના લક્ષણ જણાંય તો તાત્કાલિક આરોગ્ય સારવાર લેવા માટે પણ સરકાર સતત નાગરિકોને સતર્ક કરી રહી છે. જયારે કોરોનાથી રક્ષણ મેળવવા હાલ શહેરના શાપિંગ મોલ , સિનેમાઘરો તેમજ શાળા કોલેજો પણ બંધ કરી દેવામાં આવી છે. ગુજરાત સિવાયના અન્ય રાજયોમાં પણ ભયનો માહોલ ફેલાયો છે. આમ નાગરિકો ચિંતાગ્રસ્ત બન્યા છે. ત્યારે અનેક અટકળો અને અફવાઓથી પણ જનજીવન પ્રભાવિત છે. કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે સરકારે જાહેરમા થુંકવા બદલ પણ દંડ વસુલી સહીતના આકરા પગલા લેવાનો નિર્ણય કર્યો છે. શહેરમાં સ્થિત સરકારી કચેરીઓમાં અનેકવાર ભીંતો પર પાનની પિચકારીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ત્યારે આમ પણ કર્મચારીઓ સહીત કચેરીની મુલાકાતે આવતા નાગિરકોની મનોદશાનો ચિતાર મળી જાય છે. ગંદકીના મામલે આમપણ લોકજાગૃતિ અનિવાર્ય છે. આવા સંજોગોમાં કોરોનાના કહેરથી બચવા સરકારે આમ નાગરિકોને સતર્ક થવાની સાથે જાગૃત રહેવા માટે પણ જણાંવ્યુ છે. બીજીતરફ જાહેરમાં થુંકીને ગંદકી કરનારાઓ સામે દંડનુ હથિયાર પણ ઉગામ્યુ છે.

કોરોના વાયરસ ચેપી હોવાથી થુંકવાથી અન્ય કોઈ નાગરિકોને ચેપ ન લાગે તે માટે પણ પુરતી તકેદારી રાખવા માટે દંડ વસુલી કરવામાં આવી રહી છે. જાહેર જગ્યાએ થુંકવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જેના અમલ માટે દંડ વસુલી પણ શરૂ કરી દેવામાં આવી છે. તા ૧૬ થી ૧૯ માર્ચ દરમિયાન જુના સચિવાલયમાં જાહેરમાં થુંકવાના ૧૦ અને નવા સચિવાલયમાં ૫ કેસ સહીત કુલ ૧૫ કિસ્સામાં દંડ વસુલાયો છે. જાહેરમાં થુંકવા બદલ રૂ ૭૫૦૦ નો દંડ વસુલવામાં આવ્યો છે. જાહેરમાં થુંકવાના મામલે સચિવાલયમાં આવતા કર્મચારીઓ સહીત મુલાકાતીઓ પાસેથી પણ દંડની વસુલાત કરવામાં આવી છે. હોમગાર્ડના જવાનો તેમજ માર્ગ મકાન વિભાગના વર્ક આશિષ્ટન્ટના રાઉન્ડ દરમિયાન સ્થળ પર જ થુંકવા બદલ દંડ વસુલી કરવામાં આવી છે.

## સરિતા ઉદ્યાન અને સે.૧ના બગીચામાં સોલાર ટ્રી લગાવાયું

### સૂરજમુખી પેટર્ન આધારિત સોલાર ટ્રી એક દિવસમાં પાંચ યુનિટ વિજ ઉત્પન્ન કરશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સરિતા ઉદ્યાન અને સે.૧ના તળાવ સાથેના ઉદ્યાનમાં એક - એક સોલાર ટ્રી ફીટ કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સરિતા ઉદ્યાન ખાતે જે વીજ વપરાશ થાય છે તેમાં ઓછામાં ઓછા ૫૦ ટકા વીજ સોલારથી ઉત્પન્ન થાય તે રીતે આ સોલાર ટ્રી લગાવવાનું આયોજન છે.

સરિતા ઉદ્યાન અને સે.૧ ખાતે લગાવવામાં આવેલ આ સોલાર ટ્રી દ્વારા ૬.૫૦ કિલો વૉટ સોલાર ઉર્જા આ એક સોલાર ટ્રી થકી ઉત્પાદિત થશે. આ ટ્રી એક દિવસમાં પાંચ યુનિટ વીજ ઉત્પાદન કરશે.

સરિતા ઉદ્યાન ખાતે સાત સોલાર ટ્રી લગાવવામાં આવશે જ્યારે સેક્ટર-૧ના તળાવ સાથેના ઉદ્યાનમાં ૪ સોલાર ટ્રી લગાવવાનું આયોજન છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સેક્ટર-૨૮ના બાલોદ્યાનમાં પણ એક સોલાર ટ્રી લગાડવામાં આવશે. આ ઉપરાંત શહેરમાં મનપા હસ્તકના પાંચ



રંગમંચ સે.૨૦, ૨૨, ૨૮, ૨૯ અને ૩૦માં પણ સોલાર ટ્રી મુકવાનું આયોજન છે.

આ એક સોલાર ટ્રીની કિંમત રૂ. ૮.૫૦ લાખ જેટલા થવા જાય છે. આ સૂર્યમુખી ફુલની પેટર્નનું સોલાર ટ્રી છે. આના કારણે જમીન પણ ખુલ્લી રહે છે તેમજ સૂરજ જે દિશામાં જાય તે તરફ આ સુરજમુખી જઈ તેમાંથી વીજ ઉત્પાદન કરશે.

પી.ડી.પી.યુ.ના વિદ્યાર્થીઓ દ્વારા સ્ટાર્ટઅપ યોજના અંતર્ગત આ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવેલ છે. આ એક સોલાર ટ્રીનું વજન પણ અંદાજે બે ટનથી વધુ હોવાનું જાણવા મળેલ છે.


જોઈએ છે.

પુસ્તકો ઉપર સિક્કા મારવા માટે છોકરાઓ / છોકરીઓ / લેડીઝ સ્ટાફ જોઈએ છે.

રૂબરૂ મળો

કેપિટલ ઓફસેટ

પ્લોટ નં. એલ-૮૦૧/૧, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, ગાંધીનગર.

મો. ૯૮૨૫૦૩૮૩૭૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN

ashirvad

Jaquar experience bathing

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com